# વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા નાસા ટુર

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા બે સપ્તાહની નાસા ટુરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટુર વિદ્યાર્થીઓ માટે જ્ઞાન સાથે ગમ્મત આપનારી બની રહી હતી. આ વિદ્યાર્થીઓએ નાસા દ્વારા મે, ૨૦૧૭માં ઑફર કરાયેલો સર્ટિફિકેટ કોર્સ પણ પૂર્ણ કર્યો હતો. ટુર દરમિયાન વિદ્યાર્થીઓએ અનેકવિધ પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગ લીધો હતો. શાળા પરિવાર વતી તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

### શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત

# શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ ગ્રાન્ડ ઍજ્યુકેશન ફેરમાં સહભાગી બની

## ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ, કેજીસી અને ગુજરાત યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે ફેરનું આયોજન કરવામાં આવ્યું હતું

ગાંધીનગર, તા. ૧૭

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ, ગાંધીનગર દ્વારા ૧૪થી ૧૬ જૂન દરમિયાન અમદાવાદ ખાતે આયોજિત ગ્રાન્ડ ઍજ્યુકેશન ફેરની મુલાકાત લેવામાં આવી હતી.

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ, કેજીસી અને ગુજરાત યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે આ ફેરનું આયોજન કરવામાં આવ્યું હતું. કૉલેજના વિદ્યાર્થીઓને એક જ જગ્યાએ વિવિધ અભ્યાસક્રમોની માહિતી સરળતાથી મળી રહે તેવા શુભ આશયથી ગુજરાતની વિવિધ યુનિવર્સિટીઝ અને કૉલેજના સ્ટોલ રાખવામાં આવ્યા હતા. કૉલેજની વિદ્યાર્થીનીઓએ પણ આ વિવિધ સ્ટોલની મુલાકાત લઈ માહિતી મેળવી હતી. કૉલેજનાં આચાર્ય ડૉ. ઊર્મિલાબેન ચૌધરીના માર્ગદર્શન હેઠળ કૉલેજના સ્ટાફ પ્રતિનિધિ તરીકે પ્રા. ડૉ. સોનલ મોદી, પ્રા. ડૉ. રાકેશભાઈ પટેલ, પ્રા. ડૉ. નરેન્દ્રભાઈ પટેલ, પ્રા. બી પી રાવ આ ગ્રાન્ડ ઍજ્યુકેશન ફેરમાં સહભાગી થયા હતા અને સ્ટોલ પર આવનાર મુલાકાતીઓને યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું.


**ડાયરેક્ટ સે**

અંધારામાંય
લેશ વિલાય નથી અમે
એક જીવતું જીવન છીએ
છાયા નથી અમે

**જન્મદિને વધામણી**

**મીનાબેન ભૂપેન્દ્ર શાહ**
ટ્રસ્ટી, સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ
મો. ૯૪૨૯૬ ૧૧૪૪૮


# ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા આજે સાહિત્યપ્રેમીઓ સાથે ગોષ્ઠિ

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાત સાહિત્ય અકાદમીએ ગુજરાતના સાહિત્યકારો અને સાહિત્યપ્રેમીઓની એક ચર્ચા-ગોષ્ઠિ યોજી છે.

૧૮મી જૂન, રવિવારે વિશ્વકોશ ભવન, અમદાવાદ ખાતે આ બેઠક મળશે. તેમાં ગુજરાતી સાહિત્યને વધુ સંવર્ધિત કરવા માટે શું કરવું જોઈએ તે અંગે વિચાર-વિમર્શ કરવામાં આવશે. સાથે આપણા શ્રેષ્ઠ સાહિત્યને વધુ વાચકો સુધી કઈ રીતે પહોંચાડી શકાય તે અંગે પણ ચર્ચા કરવામાં આવશે.

ગુજરાત સાહિત્ય અકાદમીની સાથે હિન્દી અકાદમી, સિંધી અકાદમી, સંસ્કૃત અકાદમી, ઉર્દૂ અકાદમી અને કચ્છી અકાદમી પણ કાર્યરત છે. હેતુ એ છે કે સાહિત્ય તો ઉત્તમ સર્જન સ્વરૂપ છે અને સાહિત્યકાર એક પ્રતિનિધિ છે, તેમની વચ્ચે સદભાવનાનું કમળ ખીલવું જોઈએ. અકાદમી એ હેતુથી સહુની સાથે સીધો સંપર્ક કરવા માગે છે, તેનો પ્રથમ પ્રયાસ આ અઢારમી બેઠકથી શરૂ થશે. એ પછી એક પછી એક વધુ સાર્થક પ્રયાસો અને કાર્યક્રમોનું પણ આયોજન થશે.

મુખ્યત્વે સાહિત્યમાં નવોદિતો ઉત્તમ લખતા થાય, તેને યોગ્ય પ્રસિદ્ધિનું માધ્યમ મળે, તેનાં પુસ્તકો છપાય એ ખૂબ જરૂરી છે. આને માટે તમામ સાહિત્યિક સંસ્થાઓ સાથે મળીને કામ કરે, શાળા-મહાશાળા અને યુનિવર્સિટીઝમાં આવો માહોલ સર્જાય તો આપણું સર્વોત્તમ સાહિત્ય વધુ પ્રકાશિત થશે અને વધુ વંચાશે. પહેલાંના કવિ, નવલકથાકાર, પત્રકાર, નિબંધ સર્જકો અને વિચારવાહકો પણ હોંશે-હોંશે નવી પેઢી સુધી સ્થાપિત થશે. આ કામ માટે પ્રથમ મિલનગોષ્ઠિની પહેલ ગુજરાત સાહિત્ય અકાદમી કરી રહી છે અને તેને અનેક ક્ષેત્રે આવકાર મળ્યો છે. ઘણા સાહિત્યકાર, સાહિત્યપ્રેમી તેમજ મીડિયામિત્રો તેમાં ઉપસ્થિત રહેશે અને પોતાના અભિપ્રાય વ્યક્ત કરશે, એમ ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર દ્વારા જણાવવામાં આવ્યું છે.

# અન્ય જિલ્લાઓમાં બ્લડ યુનિટ ટ્રાન્સફર કરવા સરકારની મંજૂરી

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાતમાં ઘણા જિલ્લા છે જ્યાં પૂરતી સંખ્યામાં બ્લડ ડૉનેશન થઈ શકતું નથી. જેના કારણે જે તે જિલ્લાની બ્લડ બૅંકને જરૂરિયાત પડે ત્યારે બ્લડ મળવામાં મુશ્કેલી પડતી હોય છે. આવી પરિસ્થિતિમાં ઘણી વખત જરૂરિયાતમંદ વ્યક્તિ બ્લડ વગર મોતને ભેટે છે. આવા સંજોગોને નિવારવા તાજેતરમાં ભારત સરકારના ગેજેટમાં નોટિફિકેશન કરવામાં આવ્યું છે અને દેશના દરેક રાજ્યને એકથીબીજા જિલ્લામાં બ્લડ યુનિટ ટ્રાન્સફર કરવા મંજૂરી આપી છે. ગેજેટ નોટિફિકેશનના કારણે જિલ્લાના અંતરિયાળ વિસ્તારમાં રહેતા છેવાડાના વ્યક્તિને જરૂર પડે બ્લડ ઉપલબ્ધ કરાવી શકાશે.

ગુજરાત સ્ટેટ કાઉન્સિલ ફોર બ્લડ ટ્રાન્સફ્યૂઝન દ્વારા મળતા આંકડાં મુજબ ગુજરાતમાં સ્વેચ્છિક રક્તદાતાઓની સંખ્યા વધી છે. વર્ષ ૨૦૧૫-૧૬ની સરખામણીએ વર્ષ ૨૦૧૬-૧૭માં બ્લડ ડોનેશનમાં લગભગ ૭ ટકાનો વધારો થયો છે. ગયા વર્ષે સમગ્ર ગુજરાતમાં લગભગ ૮.૬૫ લાખ યુનિટ બ્લડ રાજ્યની તમામ બ્લડ બૅંકમાં એકત્ર થયું હતું. ગયા વર્ષે રાજ્યમાં ૭ હજાર જેટલા બ્લડ કેમ્પ યોજાયા હતાં જેમાં આશરે ૪ લાખ યુનિટ બ્લડ એકત્ર થયું હતું.

એક અંદાજ મુજબ રાજ્યની કુલ વસ્તીના એક ટકા વસ્તી જેટલું બ્લડ ડોનેશન થવું જોઈએ ત્યારે ગુજરાતમાં ૧ ટકા કરતા વધારે બ્લડ ડોનેશન થઈ રહ્યું છે.

# AIIMS ઍન્ટ્રન્સનું પરિણામ જાહેર

## દેશની સાત એઈમ્સમાં પ્રવેશ માટે ૨ લાખ ૮૪ હજાર વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી : સુરતની નિશીતા દેશમાં પ્રથમ ક્રમે ઉત્તીર્ણ

ગાંધીનગર, તા. ૧૭

દેશની સાત ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (એઈમ્સ)માં પ્રવેશ માટે ૨૮મી મેના રોજ લેવાયેલી એન્ટ્રન્સ ટેસ્ટનું પરિણામ જાહેર કરી દેવાયું છે. આ પરીક્ષામાં સમગ્ર દેશમાંથી ૨ લાખ ૮૪ હજાર જેટલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાતમાંથી અંદાજે ૨૦ હજારથી વધુ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. ગુરુવારે જાહેર કરાયેલા પરિણામમાં સુરતની વિદ્યાર્થિની નિશીતા પુરોહિત સમગ્ર દેશમાં ટોપ રેંક પર આવી છે.

દેશમાં કુલ સાત એઈમ્સ આવેલી છે. જેમાં ૭૦૦ બેઠકો ઉપલબ્ધ છે. આ બેઠકો માટે અલગથી એન્ટ્રન્સ ટેસ્ટ લેવામાં આવે છે. આ વખતે ૨૮મી મેએ આ પરીક્ષા લેવામાં આવી હતી. આ પરીક્ષામાં કુલ ૨,૮૪,૭૩૭ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. જે પૈકી ૧૭૧૪૦ વિદ્યાર્થીઓના રેંક આપવામાં આવ્યા છે. ગુજરાતમાં સુરતની વિદ્યાર્થિની નિશીતા પુરોહિત દેશમાં ટોપ રેંકમાં આવી છે. આ વિદ્યાર્થિનીને ધો.૧૨ સેન્ટ્રલ બોર્ડમાં પણ ૯૧,૪ પર્સન્ટેજ માર્કસ આવ્યા છે. આ સિવાય ગુજરાતના અંદાજે ૧૦૦ જેટલા વિદ્યાર્થીએ ટોપ ૫૦૦માં સ્થાન મેળવ્યું હોવાનું માનવામાં આવે છે. ઓલ ઈન્ડિયામાં પ્રથમ રેંક પર આવેલી નિશીતાના પિતા આઈઆઈટી પાસ છે. જ્યારે માતા ફાર્મસી ગ્રેજ્યુએટ છે. નિશીતાએ આજે પરિણામ બાદ પોતાના પહેલા પ્રતિભાવમાં કહ્યુ કે જ્યારે પરિણામ આવ્યુ ત્યારે હુ સ્તબ્ધ થઈ ગઈ હતી. બે વખત મારા રોલ નંબર સાથે સરખાવીને ચેક કર્યુ હતુ. નાનપણથી મારી ઈચ્છા કાર્ડિયાક સર્જન થવાની છે આ ઉપરાંત હુ યુપીએસસી પણ આપવા ઈચ્છુ છું.

પરીક્ષાની તૈયારી દરમિયાન હું ટીવીથી એક વર્ષ દૂર રહી હતી. આ ઉપરાંત સોશિયલ મીડિયાથી પણ અળગી રહી હતી.

નોંધનીય છે કે આ વિદ્યાર્થિની સુરતની હોવાછતાં તેણે કોટાથી કોચીંગ લીધું હતું.

# રાજ્યમાં વધુ ૩૦ માધ્યમિક સ્કૂલને શિક્ષણ બોર્ડની મંજૂરી

## ૪૪ અરજીઓ પર ચર્ચા કરાઈ : ૧૪ અરજી રદ કરાઈ

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની કારોબારી સમિતીની બેઠકમાં રાજ્યમાં નવી માધ્યમિક સ્કૂલોને મંજૂરી માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં ૪૪ જેટલી અરજીઓ પર ચર્ચા કરવામાં આવી હતી અને ત્યારબાદ રાજ્યમાં નવી ૩૦ માધ્યમિક સ્કૂલો શરૂ કરવા માટે મંજૂરી આપવામાં આવી છે. હાલમાં બોર્ડ દ્વારા સ્કૂલોને પ્રોવિઝનલ એપ્રુવલ આપવામાં આવી છે. ડીઈઓ કચેરી દ્વારા તપાસના અંતે કાયમી મંજૂરી અપાશે. બેઠકમાં રાજ્યમાં સ્કૂલ શરૂ કરવા માટેની ૧૪ જેટલી અરજીઓ રદ કરવામાં આવી છે.

રાજ્યમાં નવી માધ્યમિક સ્કૂલો શરૂ કરવા માટે બોર્ડ દ્વારા સંસ્થાઓ પાસેથી ઓનલાઈન અરજીઓ મંગાવી હતી. અરજીઓ આવ્યા બાદ બોર્ડ દ્વારા કારોબારી સમિતીની બેઠક બોલાવી તેમાં સ્કૂલોને મંજૂરી આપવાની કાર્યવાહી શરૂ કરી છે. જેમાં તાજેતરમાં મળેલી કારોબારી સમિતીની બેઠકમાં રાજ્યમાં માધ્યમિક સ્કૂલો શરૂ કરવા માટે આવેલી ૪૪ જેટલી અરજીઓ પર ચર્ચાના અંતે નિર્ણય લેવામાં આવ્યો હતો.

આ દરમિયાન ૪૪ અરજીઓ પૈકી ૩૦ને સ્કૂલ શરૂ કરવા માટેની પ્રોવિઝનલ એપ્રુવલ આપવામાં આવી છે. જોકે, છ માસમાં સ્કૂલ દ્વારા બોર્ડ સમક્ષ ઓનલાઈન સબમિટ કરેલા પુરાવાની ચકાસણી ડીઈઓ કચેરી દ્વારા હાથ ધરાશે અને ડીઈઓ કચેરીના રિપોર્ટ બાદ બોર્ડ દ્વારા કાયમી મંજૂરી અપાશે. જ્યારે રાજ્યની ૧૪ જેટલી સ્કૂલો શરૂ કરવાની અરજી બોર્ડ દ્વારા નામંજૂર કરાઈ છે. રાજ્યમાં ૩૦ સ્કૂલો શરૂ કરવાની મંજૂરી આપવામાં આવી છે. જેમાં આણંદમાં ૫, બનાસકાંઠા ૨, બોટાદ ૩, જામનગર ૯, કચ્છ ૩, મહેસાણા ૧, મોરબી ૧, પાટણ ૨, સાબરકાંઠા ૨ અને તાપી ૨ સ્કૂલોને મંજૂરી અપાઈ છે.

ઉલ્લેખનીય છે કે, અગાઉ બોર્ડની ૯ જેટલી કારોબારી સમિતિની બેઠકો મળી ચૂકી છે. જેમાં સ્કૂલોને મંજૂરી અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. અગાઉ રાજ્યની ૨૪૬ સ્કૂલોને મંજૂરી અપાઈ હતી. જેમાં માધ્યમિકની ૧૦૮ અને ઉચ્ચતર માધ્યમિકની ૧૩૮ સ્કૂલોનો સમાવેશ થાય છે. જ્યારે ૩૭૨ જેટલી સ્કૂલો શરૂ કરવાની સંસ્થાઓની અરજીઓ નામંજૂર કરાઈ હતી. જેમાં માધ્યમિકની ૨૮૨ સ્કૂલોની અરજી અને ઉચ્ચતર માધ્યમિકની ૯૦ સ્કૂલો શરૂ કરવાની અરજી નામંજૂર કરાઈ છે. આ સાથે હવે રાજ્યમાં ૨૭૬ નવી સ્કૂલોને મંજૂરી મળી ચૂકી છે.

# નીટમાં અન્યાય મુદ્દે ૨૨મીએ સ્વયંભૂ શાળા બંધનું એલાન

ગાંધીનગર, તા. ૧૭

મેડિકલ પ્રવેશ માટેની નીટમાં ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓને અલગ અલગ પ્રશ્નપત્ર આપવાના મુદ્દે ભારે વિવાદ ઊભો થયો છે. ગુજરાત બોર્ડના વાલીઓ છેલ્લા કેટલાક સમયથી વિદ્યાર્થીઓના હક્ક માટે લડત ચલાવી રહ્યા છે. આગામી દિવસોમાં સમગ્ર મામલે સુપ્રીમ કોર્ટમાં જવાની તૈયારીઓ પણ કરવામાં આવી છે. આ ઉપરાંત આગામી તા.૨૨મીને ગુરુવારે રાજ્યની તમામ શાળાઓ બંધનું એલાન આપવાની પણ જાહેરાત કરવામાં આવી છે. જો કે આ બંધમાં બળજબરી નહીં પરંતુ શાળાઓમાં અભ્યાસ કરતાં વાલીઓ અને સંચાલકોને સમજાવીને સ્વયંભૂ શાળા બંધ રાખવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવશે.

મેડિકલ-ડેન્ટલમાં પ્રવેશ માટે સમગ્ર દેશમાં નીટ લેવામાં આવી હતી. વન એકઝામ વન મેરિટના આધારે લેવામાં આવેલી આ પરીક્ષામાં ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓને અલગ અલગ પ્રશ્નપત્રો આપવામાં આવ્યા હતા. સામાન્ય રીતે નેશનલ લેવલની પરીક્ષા હોય ત્યારે તમામ માધ્યમોને એક જ સરખા પ્રશ્નપત્ર આપવામાં આવે છે પરંતુ ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓને અલગ પ્રશ્નપત્ર અપાતા વિદ્યાર્થી-વાલીઓમાં ભારે રોષ ફેલાયો છે. આ મુદ્દે વાલીઓ દ્વારા છેલ્લા કેટલાય સમયથી જુદા જુદા સ્તરે રજૂઆતો કરવામાં આવી રહી છે. હજુસુધી કોઈ યોગ્ય ઉકેલ આવ્યો નથી. તાજેતરમાં શિક્ષણમંત્રી સાથે મુલાકાત કરવા છતાં ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓને કોઈ અન્યાય નહી થાય તેવી સ્પષ્ટ બાંયધરી મળી નથી. જેના કારણે હવે વાલીઓએ પોતાની લડતને રાજયવ્યાપી કરવાનો નિર્ણય કર્યો છે. નીટમાં ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓને થયેલા અન્યાયના મુદ્દે છેલ્લા કેટલાય સમયથી લડત ચલાવતાં વાલી મનીશ પટેલ કહે છે આવતીકાલથી જુદા જુદા શહેરો અને ગ્રામ્ય વિસ્તારમાં રહેતા વાલીઓ દ્વારા દરેક શાળાઓમાં જઈને ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓને થયેલા અન્યાયની રજૂઆત કરવામાં આવશે. સેન્ટ્રલ બોર્ડની આ પ્રકારની નીતિના કારણે ભવિષ્યમાં ગુજરાતી માધ્યમની શાળાઓ બંધ થઈ જાય તેવી દહેશત ઊભી થાય તેમ છે તેની પણ જાણકારી આપવામાં આવશે.

દરેક વિદ્યાર્થી-વાલીઓ અને શાળા સંચાલકો અને પ્રિન્સિપાલને સમજાવીને આગામી તા.૨૨મીને ગુરુવારે ગુજરાતના વિદ્યાર્થીઓના સમર્થનમાં રાજયની તમામ શાળાઓ બંધ રાખવામાં આવે તેવી અપીલ પણ કરવામાં આવશે. નોંધનીય છે કે વાલીઓ દ્વારા ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓને થયેલા અન્યાયના મુદ્દે સુપ્રીમ કોર્ટમાં જવાની તૈયારીઓ પણ શરૂ કરવામાં આવી છે.

# ભાગવત વિદ્યાપીઠ ખાતે સંસ્કૃતનું નિઃશુલ્ક શિક્ષણ

## ધોરણ-૧૨ પાસ કન્યાઓને આ સરકાર માન્ય સંસ્કૃત કોલેજમાં બી.એ.ની ડિગ્રી મેળવવા નિઃશુલ્ક પ્રવેશ

ગાંધીનગર, તા. ૧૭

ભાગવત વિદ્યાપીઠ, સોલાના સંસ્થાપક શ્રીકૃષ્ણશંકર શાસ્ત્રીજીની જન્મ શતાબ્દી નિમિત્તે વરતન્તુ સંસ્કૃત મહાવિદ્યાલય દ્વારા નવી પેઢીને સંસ્કૃત શીખવવાના કાર્યક્રમનું આયોજન કરાયું છે. ખાસ કરીને સંસ્કૃત સંભાષણ, કર્મકાંડ જ્ઞાનગોષ્ઠી, જન્મપત્રિકા પરામર્શ વગેરેનું આયોજન કરાયું છે અને તે માટે 'ચોમેર સંસ્કૃત' (ચતુર્દિક્ષુ સંસ્કૃતમ) સૂત્ર સાથે કાર્યક્રમનું આયોજન કરાયું છે. જે અંતર્ગત ૨૨ કલાકમાં સંસ્કૃત અને આઠ કલાકમાં પૂજાવિધિ રહસ્યો જાણી શકાશે અને કન્યાઓને સંસ્કૃત કોલેજમાં નિઃશુલ્ક પ્રવેશ અપાશે.

આ અંગે વિગતો આપતાં ભાગવત ઋષિજી અને વરતન્તુ સંસ્કૃત મહાવિદ્યાલયના હિતેન્દ્ર ગુરુજીએ જણાવ્યું કે પૂજ્ય શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીજીની જન્મ શતાબ્દી નિમિત્તે તા.૨૦મી જુલાઈથી વિશેષ નિઃશુલ્ક આયોજન કરાઈ રહ્યાં છે. જેમાં પ્રતિદિન ૨ કલાક એવા ૧૧ દિવસ એટલે કે ૨૨ કલાકમાં સંસ્કૃતમાં વાતચીત કરતાં શીખી શકાશે. જ્યારે આઠ કલાકમાં પૂજાવિધિ રહસ્યોને જાણી શકાશે.

સંસ્કૃત બધા માટે છે અને ચોમેર સંસ્કૃત – આ સૂત્ર સાથે નવી પેઢી સંસ્કૃત ભાષા બોલતી થાય તે માટેનો પ્રયાસ અમે કરી રહ્યાં છીએ. તેની સાથે જ કન્યા કેળવણી અભિયાનમાં ભાગવત વિદ્યાપીઠ પણ સાથે છે અને ધોરણ-૧૨ પાસ કન્યાઓને આ સરકાર માન્ય સંસ્કૃત કોલેજમાં બી.એ.ની ડિગ્રી મેળવવા નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવશે. સાથે જ છાત્રાઓ સંસ્કૃત વિષયમાં એસ.એસ.સી., એચ.એસ.સી., બી.એ., એમ.એ. જેવી ડિગ્રી મેળવી શકે છે. સાથે જ ટેમ્પલ મેનેજમેન્ટ, યોગ, વાસ્તુ, જ્યોતિષ, કર્મકાંડ જેવા વિષયોમાં ડિપ્લોમા પણ કરી શકે છે.

# ફી દરખાસ્ત ન કરનારી ૨૩૬૫ શાળાઓને નોટિસ

## શાળાઓની મુનસફીને કોઈપણ સંજોગોમાં નહીં ચલાવી લેવાય : શિક્ષણમંત્રી

ગાંધીનગર, તા. ૧૭

ફી નિર્ધારણ પ્રક્રિયા અંતર્ગત જે શાળાઓએ એફિડેવિટ કે દરખાસ્ત કરેલી નથી કે કોર્ટમાં પણ ગયેલા નથી તેવી શાળાઓમાંથી કુલ ૨૩૬૫ શાળાઓને નોટિસ આપવામાં આવી છે. ઉપરાંત જે શાળાઓએ ફી નિર્ધારણ સંબંધી દરખાસ્ત અને એફિડેવિટ કરી દીધી છે તેવી શાળાઓની સુનાવણીની કાર્યવાહી ઝડપભેર કરવા શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જે તે ઝોનલ કમિટીને સૂચના આપી છે. ઉલ્લેખનીય છે કે, રાજયની ફી નિર્ધારણ અંગેની ૪ ઝોનલ કમિટી દ્વારા કુલ ૨૩૬૫ શાળાઓને નોટિસ આપી દેવાઈ છે. જેમાં સૌથી વધુ રાજકોટ ઝોનમાં ૧૪૧૭, અમદાવાદ ઝોનમાં ૪૩૮, સુરત ઝોનમાં ૨૮૧, અને વડોદરા ઝોનમાં ૨૨૯ શાળાઓને નોટિસ અપાઈ છે.

શિક્ષણમંત્રીએ ચારેય ઝોનની ફી નિર્ધારણ કમિટી સાથે બુધવારે વીડિયો કોન્ફરન્સ દ્વારા સંવાદ સાધીને જે શાળાઓએ ત્રિમાસિક ફી લેવાને બદલે પૂરે પૂરી ફીનો આગ્રહ રાખ્યો હોય અથવા પોતાની શાળામાંથી નોટબુક, ગણવેશ વગેરે લેવાનો આગ્રહ રાખનાર શાળાઓ સામે સુઓમોટો કરીને તાત્કાલિક કાનૂની કાર્યવાહી હાથ ધરવા સ્પષ્ટ સૂચના આપી હતી. નોટિસ અપાયા બાદ આવી શાળાઓ સામે કાનૂની સત્તાની રૂએ જે તે શાળાની હાલની ફીના વાજબીપણાના અલગ-અલગ માપદંડોને ધ્યાનમાં લઈને, તેની ચકાસણી કરીને ફી નિર્ધારણ કમિટી દ્વારા સત્વરે જે તે શાળાની ફી નકકી કરીને દાખલો બેસાડવામાં આવે તેવી અપીલ પણ શિક્ષણમંત્રીએ ફી નિર્ધારણ કમિટીના ચેરમેનોને કરી હતી.

રાજયની કેટલીક શાળાઓ ફી નિર્ધારણ એકટની જોગવાઈનું સદંતર ઉલ્લંઘન કરી ત્રિમાસિક ફી લેવાના બદલે વાલીઓ પાસેથી વાર્ષિક અથવા છ માસિક ફી લઈને

જ બાળકને શાળામાં પ્રવેશ અપાશે તેવો આગ્રહ રાખતી શાળાઓ સંબંધી પ્રસાર માધ્યમના અહેવાલોને ધ્યાનમાં લઈને સુઓમોટો કરી આવી શાળાઓ સામે સત્વરે કાર્યવાહી હાથ ધરવા ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ચારેય ઝોનની કમિટીઓને તાકીદ કરી હતી. તેમણે એમ પણ જણાવ્યું હતું કે, જે શાળાઓને હાઈકોર્ટ દ્વારા ૧૯મી જૂન સુધીનો સમય અપાયો છે તે શાળાઓ જો ૧૯મી જૂન સુધીમાં જરૂરી કાર્યવાહી ન કરે તો તેઓને પણ સત્વરે નોટિસ પાઠવાય તેવી તૈયારી અત્યારથી જ કરી દેવામાં આવે. પરંતુ જે શાળાઓએ કોર્ટમાં ન જઈ દરખાસ્ત, એફિડેવિટ પણ નથી કરી તેવી શાળાઓની મુનસફીને કોઈપણ સંજોગોમાં ચલાવી નહીં લેવામાં આવે તેમ ચુડાસમાએ જણાવ્યું હતું.

શિક્ષણ રાજયમંત્રી નાનુભાઈ વાનાણીએ ૯૦ દિવસનો સમયગાળો ઝડપભેર પૂરો થઈ જશે તે પહેલાં જ રાત દિવસ એક કરી અને આ કાર્યને એક પડકાર સમજી ફી નિર્ધારણ સંબંધી કાર્યવાહી કરવા જે તે ઝોનલ કમિટીને જણાવ્યું હતું. જયારે પ્રાથમિક શિક્ષણ અગ્રસચિવ સુનયના તોમરે જે શાળાઓએ દરખાસ્ત કરી દીધી છે તેવી શાળાઓનું ઝડપભેર હિયરિંગ થાય તેની જરૂરિયાત પર ખાસ ભાર મૂકયો હતો. આ વીડિયો કોન્ફરન્સમાં ટેકનિકલ શિક્ષણ રાજયમંત્રી જયદ્રથસિંહ પરમાર તથા શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## વાચકોને આમંત્રણ

### 'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવશે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું રહેશે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

આ વખતનો વિષય છે :

**'મારું પ્રિય પુસ્તક'**